જોઈએ છે

સુરતના પ્રતિષ્ઠિત એસોસિએશન માટે Office Assistant અને પટાવાળાની જરૂર છે. પોતાનું Two Wheeler અને પાંકુ License જરૂરી છે.

Office Assistant - 01

:: લાયકાત ::

Graduate / Under Graduate / Fresher

પટાવાળા - 01

લાયકાત : 10th / 12th Pass

રૂબરૂ મળો : ૨૮/૨૯/૩૦ એપ્રિલ ૨૦૨૫

સંપર્ક : ૯૭૨૩૮ ૨૨૦૪૩

પાંડેસરા, સુરત.

આવતીકાલથી અમદાવાદ-ગાંધીનગર મેટ્રો હવે સચિવાલય સુધી દોડશે

ગાંધીનગર : અમદાવાદ: ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિમિટેડે અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકો માટે સુવિધાજનક પરિવહન સેવામાં ઝડપી ઉમેરો કર્યો છે. મેટ્રો ટ્રેન સેવાને મોટેરા સ્ટેશનથી ગાંધીનગરના સચિવાલય સુધી લંબાવવામાં આવી છે.

પી. આર. કોન્ટ્રાકટર સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત

પી.આર. કોન્ટ્રાકટર પ્રાથમિક શાળા

નાનપુરા પોસ્ટ ઓફિસની સામે, ડચગાર્ડનની બાજુમાં નાનપુરા, સુરત

શિક્ષકો જોઈએ છે

ગુજરાતી / અંગ્રેજ માધ્યમ- પ્રાથમિક વિભાગ માટે (બપોરપાળી)	
મદદનીશ શિક્ષક	પી.ટી.સી./બી.એ., બી.એડ/ બી. કોમ, બી.એડ/બી.એસ.સી., બી.એડ
ચિત્રકામ	એ.ટી.ડી.
એકટીવીટી	ડાન્સ, યોગા, કરાટે

સ્વહસ્તાક્ષરમાં લખેલી અરજી શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્ર તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે દિન - ૭માં સવારે ૯.૦૦ થી. ૧૧.૦૦ (જાહેર રજાના દિવસો સિવાય) શાળામાં આવી રૂબરૂ જમા કરાવવી અથવા ઉપરના સરનામે રજી.એડી કરવું.

મંત્રી શ્રી

શિક્ષકો જોઈએ છે (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)

વિભાગ	વિષય	લાયકાત
પ્રાથમિક	બધા જ વિષયો	B.Sc. / B.A., B.Ed., P.T.C., A.T.D., Fine Arts, PGDCA, B.P.Ed. અને સમકક્ષ
માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક	બધા જ વિષયો	B.Sc. / M.Sc. B.Ed., M.Ed. B.Com / M.Com, B.Ed., M.Ed. B.A. / M.A. B.Ed., M.Ed.

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે લખેલ અરજી, જરૂરી પ્રમાણપત્રો અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે તા.૦૪/૦૫/૨૦૨૫, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાક દરમ્યાન નીચેના સ્થળે રૂબરૂ મળવું.

અનુભવી શિક્ષકોને પ્રાધાન્ય આપવામાં આવશે.

For Location Scan here

Elements SMART SCHOOL — Elements Smart School Mo. 75 75 87 87 31

મારૂતિધામ સોસાયટી, ઉમરાગામ, ઉમરા-રંગોલી ચોકડી રોડ, સુરત.

શેર સર્ટીફીકેટ ગુમ થવા અંગેની નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરત પીપલોદના રે.સ.નં.૪૮/૧, ૪૮/૨, ૫૦/૧ પૈકી, ટી.પી. સ્કીમ નં.૬(પીપલોદ), ફાયનલ પ્લોટ નં. ૮૭ વાળી જમીન સુર્યપુર કો-ઓપ.હાઉસીંગ સો.લી.ની માલીકીની ચાલી આવેલ છે. જેમાં આવેલ ઘનશ્યામ બંગ્લોઝ નામથી આયોજીત બંગલાઓ પૈકી બંગલા નં. એ/૧૭ ના સભાસદ તરીકે શ્રી કિશોરભાઇ ભાણાભાઇ પટેલ નાઓ ચાલી આવેલ છે. તેમનો શેર-સર્ટીફીકેટ નં. ૩૬૦ તેમજ શેર નં. ૧૦૪૬ થી ૧૯૫૦ છે તે ગુમ યાને ગેરવલ્લે થઇ ગયેલ હોવાની હકીકત હમારી સોસાયટીને જાણ કરી સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર-સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદર બંગલાઓ/ફલેટસ/એકમો કે તે પૈકીના કોઇપણ બંગલા ઉપર કે શેર-સર્ટીફીકેટ ઉપર કોઇપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત-સંબંધ બોજો કે ચાર્જ હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેમના લેખિત વાંધાઓ પુરાવા સહિત સોસાયટીને અગર હમો એડવોકેટને સુપ્રત કરવા. જો એમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યેથી કોઇના કોઇપણ જાતના વાંધા-બોજા કે તકરાર નથી એમ સમજી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે. જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

સુરત. તા. ૨૬.૦૪.૨૦૨૫

ઓફીસ : ત્રીજો માળ, ૩૩૪, મારવેલા પેલેડીયમ, શ્યામ મંદિરની સામે, વી.આઈ.પી. રોડ, વેસુ, સુરત. મો. ૯૮૨૫૩ ૭૧૭૪૬

સમીર આર. ભજીયાવાલા
તે સુર્યપુર કો-ઓપ.હાઉસીંગ સો.લી.ના એડવોકેટ

માજે એના ના રે.સર્વે.નં. ૪૩૩, બ્લોક નં. ૫૯૯/અ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, તા. પલસાણા, **મોજે એના** ના જુ રે.સર્વે નં. ૪૩૩, **બ્લોક નં. ૫૯૯/અ** જેનું ક્ષેત્રફળ ૩૮૪૩ ચો.મી. ખાતા નં. ૧૦૫૬ વાળી જમીન ખેતીની જમીનના માલિકો **(૧) ભીખુભાઈ ત્રિભોવનભાઈ, (૨) ઈન્દુબેન છગનભાઈ તથા (૩) અનિલભાઈ છગનભાઈ,** તમામ રહે : સુરત નાઓએ સદરહુ જમીન પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર જમીન અંગે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા અન્ય પ્રકારના કોઈપણ જાતના હક્ક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તે અંગેના લેખીત પુરાવા સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદ્દત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર જમીન અંગે કોઈના કોઈપણ પ્રકારનાં હક્કો રહેલ નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદર જમીનનો કાયદેસરનો સંપૂર્ણ વેચાણ અવેજ ચૂકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭

Rakesh A. Wadhvani ADVOCATE

રાકેશ એ. વાઘવાની
તે ખરીદનારના એડવોકેટ

-: પાવર રદ કર્યા અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, ગુજરાત રાજયના જીલ્લે નવસારી તાલુકે નવસારી શહેરના મોજે કબીલપોર શહેરના રેવન્યુ દફતરે **(૧). બ્લોક/સર્વે નંબર-૧૩૬ પૈકી** થી નોંધાયેલી સુમારે **૦-૭૪-૮૭હે.આરે.ચો.મી. આકાર રૂા.૪.૮૧ પૈસા વાળી જમીન, (૨). બ્લોક/સર્વે નંબર-૧૩૫/૨** થી નોંધાયેલી સુમારે **૦-૪૦-૪૯ હે.આરે.ચો.મી. આકાર રૂા.૩.૬૨ પૈસા વાળી જમીન તથા (૩). બ્લોક/સર્વે નંબર-૧૩૫/૩ પૈકી** થી નોંધાયેલી સુમારે **૦-૧૩-૧૫ હે.આરે.ચો.મી. આકાર રૂા.૧.૧૯ પૈસા વાળી જમીન તથા મોજે ચોવીસી ગામે મોટી ચોવીસી ફળીયામાં ગામતળ વિસ્તારમાં ચોવીસી ગ્રામ પંચાયત ઘર નંબર-૩૭ વાળી દક્ષિણ મુખની મિલકતના ઘરતળેની જમીન તથા વાડાની જમીન તથા આંગણાની ખુલ્લી જમીનનું કુલ્લે ક્ષેત્રફળ ૨૫૧૧ ચો.ફુટ જેના ચો.મી. ૨૩૩.૩૦ વાળી મિલકત હમારા અસીલ બિપીનભાઇ લલ્લુભાઇ પટેલ ઉર્ફે બિપીનચંદ્ર લલ્લુભાઇ પટેલના** સ્વતંત્ર/સંયુકત નામે, માલિકી હકકે કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે જેઓએ એક જનરલ પાવર ઓફ એર્ટની **ભદ્રેશભાઇ વસંતભાઇ પટેલ**ને લખી આપેલ જે જનરલ પાવર ઓફ એર્ટની તારીખ ૧૭/૦૨/૨૦૨૦ ના રોજ નોટરી પબ્લીક શ્રી હર્ષદ આઇ. નાયક રૂબરૂ તેઓના રજીસ્ટ્રરમાં રજી.નંબર- ૨૪૭૮/૨૦૨૦ થી નોંધાયેલ છે પરંતુ હવે પછી હમારા અસીલ રૂબરૂ જાતે હાજર રહી કાર્યો કરવાનું નકકી કરેલ છે તેમજ સદર જનરલ પાવર ઓફ એર્ટની તથા આ સિવાયમાં ભૂતકાળમાં આપેલ કોઇપણ પાવર ઓફ એર્ટની આ જાહેર નોટીસથી હમારા અસીલે રદ કરેલ છે અને તેઓને પાવરદાર તરીકે હમારા અસીલએ દુર કરેલ છે જેથી સદર પાવર રદ કર્યા અંગેની જાહેર નોટીસ હમારા અસીલ વતી આપીને જાણ કરવામાં આવેલ છે જેથી સદરહું જનરલ પાવર ઓફ એર્ટની આધારે હમારા અસીલની ઉપરોકત મિલકત બાબતે તેઓ હમારા અસીલ વતી કોઇપણ જાતની કાર્યવાહી કરવા હકકદાર રહેતા નથી. તેમ છતા તેમની સાથે હમારા અસીલની મિલકત બાબતે કોઇપણ વ્યકિત યા સંસ્થા કોઇપણ જાતના વ્યવહાર કે લખાણો કરશે તે અંગે હમારા અસીલની કોઇ જવાબદારી રહેશે નહી અને હમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. તેમજ ખોટા વ્યવહારો કરશો તો દાવા દુવીમાં ઉતરવું પડશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવા વિનંતી.

તારીખ : ૨૪/૦૪/૨૦૨૫

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે મારી મારફત. **રવિન્દ્ર પી. મઠિયા (એડવોકેટ)**
૧૦૨ પહેલા માળે, અરવિંદ ટાવર બિલ્ડીંગ, પ્રજાપતિ આશ્રમની બાજુમાં, ચીમનાભાઈ રોડ, નવસારી તા. જી. નવસારી. મો: ૯૯૦૯૬ ૪૮૩૭૩

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ **સુરત**, સબ-ડિસ્ટ્રીકટ : **કતારગામ**ના મોજે ગામ : **કોસાડ**ના સર્વે ન.**૧૭૧**, બ્લોક ન.**૨૨૩/અ/૨**, ખાતા ન. **૨૧૬૮** વાળી ખેડખાતાની જુની શરતની જમીન જેનુ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. **૦-૨૩-૨૭-૨૫** ચો.મી., આકાર રૂા.પ.૭૯ પૈસા છે જે જમીન તથા તેમાં આવેલ ઝાડ, પાન, બીડ, શેઢા સહિતની ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અદરના તથા બહારના તમામ હકક, અધિકાર સહિતની ખેતીની જમીન દરોબસ્તના માલીક **આશિષ વિજયસિંહ અટોદરીયા** નાએ પોતાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટેદાર, વહીવટ, સચાલન હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનુ જણાવી શાત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલશ્રીને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન કે તેના ભાગ-હિસ્સા ઉપર જો કોઇ શખ્સ, બેંક, મંડળી, કંપની, સંસ્થા, વંશ, વાલી, વારસો કે અન્ય કોઇ ઇસમો કે ગ્રાહીત પક્ષકારનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, વારસ હકક, લેણા, બોજો, ગીરો, તારણ, લીઅન, કલેઇમ, સાટાખત, ચીઠ્ઠી, લખાણો કે સમજુતી રૂએના હકક, દર-દાવા વગેરે હોય યા સદર વેચાણ વ્યવહાર સાથે કોઇને કોઇપણ પ્રકારનો વાધો, વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ સુધીમાં તે અંગેના તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી અને જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહુ જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણા, બોજા, વારસ હકક, દર-દાવો કે કોઇપણ કલેઇમ નથી અને હોય તો તે તમામ જતા યાને વેવ કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે અમારા અસીલ સદરહુ જમીન વેચાણ રાખવા અગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ જમીનનો રજી.વેચાણ દસતાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર કે દાવા-દુવી ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી.

ધીરૂભાઈ એમ. વાડીવાળા એડવોકેટ & નોટરી | **યોગેન્દ્ર ડી. વાડીવાળા** એડવોકેટ

તે ખરીદનારના એડવોકેટ્સ

બંગલા નં. ૨, મોહનભાઈ ગોપાળભાઈની વાડી, ઉર્મી સોસાયટી પાસે, વરાછારોડ, સુરત. મો. ૯૯૦૯૦ ૪૦૦૧૧.

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ:- **પાલી**ના **રે.સર્વે નં. ૬૪, બ્લોક નં. ૬૫** થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૧૪૦** વાળી મિલકત કે જેનું કુલ ક્ષેત્રફળ સુમારે : ૮૧.૬૬ ચો.વાર યાને **૬૮.૨૮ ચો.મી. વાળી મિલકત સુભાષ નાગો કાકુળદે**ની સ્વતંત્ર, માલીકી, કબજા-ભોગવતાની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ મિલકત તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મિલકતમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હકક-હિસ્સો તેમજ લેણું હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં લેખીત પુરાવા સહીત અમોને રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના તેવા હકકો નથી યા તેમણે છોડી દીધા છે તેમ ગણી અમારા અસીલ તેઓ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૬-૦૪-૨૦૨૫
ઓફિસ : ૩૧૪, ૩૧૫, કિષ્ના કોમ્પલેક્ષ, બીજા માળે, સચીન સ્ટેશન, તા. ચોર્યાસી, જી. સુરત.
મોબાઈલ નં. : ૯૮૨૫૨ ૭૭૬૬૦.
ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦.

રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ

હવે સર્જીકલ સ્ટ્રાઈકનો સમય આવી ગયો છે

ભીમપોર/આભવા/ડુમસ/સુલતાનાબાદ ગામના રહીશો જાગો

હવે નહીં તો કદી નહીં.

જાહેર નોટીસનો જાહેર જવાબ અને ચેતવણી આપવામાં આવી છે તેનો વળતો જવાબ અને વળતી જાહેર ચેતવણી

શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. ના સભ્યોના હિતમાં અને ભીમપોર/આભવા/ડુમસ/ સુલતાનાબાદના ગામ લોકોના હિતમાં હમો દિપકભાઈ ધીરૂભાઈ ઈજારદારએ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર, ગુજરાત સમાચાર, સંદેશ, ગુજરાત ગાર્ડીયન, દિવ્ય ભાસ્કર અને ધબકાર દૈનિક પત્રમાં જાહેર ચેતવણી ઉપરોકત ગામ લોકોના હિતમાં પ્રસિધ્ધ કરેલી.

શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. ના પ્રમુખશ્રી મહેશભાઈ છોટુભાઈ પીઠાવાળા અને મંત્રીશ્રી નરેન ઉર્ફે નરેન્દ્રભાઈ પટેલએ મંત્રીની હેસિયતથી તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર, દૈનિકમાં જાહેર ચેતવણીનો જાહેર જવાબ પ્રસિધ્ધ કરેલ છે તેમજ શ્રી ચંદ્રવદન છોટુભાઈ પીઠાવાળાએ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર દૈનિકમાં જાહેર ખુલાસો તેમજ ચેતવણી પ્રસિધ્ધ કરેલ છે તે તમામ તથ્યવિહિન અને ગામ લોકોને તથા સભાસદોને ગેરમાર્ગે દોરવનારી છે. અને જુઠ્ઠા અને બાલીશ આક્ષેપો અમો દિપક ધીરૂભાઈ ઈજારદાર વિરૂધ્ધ કર્યા છે. જો ગામ લોકોના હિતમાં અને શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. ના સભાસદોનો હિતમાં હમોને હીન અને હલકી મનોવૃત્તિના તેઓ દ્વારા ગણવામાં આવતા હોય તો તે મને મંજુર છે. કોળી સમાજમાં કે ગામ લોકોમાં વિખવાદ ઉભો કરવાનો પ્રશ્ન અત્રે ઉપસ્થિત થતો નથી કારણ કે સાચી વાત ગામ લોકોને તથા શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. ના સભાસદોને ધ્યાન ઉપર લાવવાની હમોએ કોશિષ કરી છે. અત્યાર સુધી ગામ લોકોને અને સભાસદોના આંખે પાટા બાંધવા સિવાય બીજા કોઈ કામ પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને હોદ્દેદારોએ કર્યા નથી. પ્રમુખશ્રી મહેશભાઈ છોટુભાઈ પીઠાવાળા અને મંત્રીશ્રી નરેન ઉર્ફે નરેન્દ્રભાઈ પટેલએ જાહેર ચેતવણીના જાહેર જવાબમા નામદાર સુપ્રિમ કોર્ટમાં **Sp. Leave to Appeal (c) No.34093/2014** ની હકીકત જાહેર કરી છે. તે ખોટી છે ખરી હકીકતમાં **Sp. Leave to Appeal (c) No.34093/2014** માં શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. એ મજકુર અપીલ નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરેલ નથી અને તેઓ સદર અપીલમાં અરજદાર/પીટીશનર નથી અને તેઓ સામાવાળા તરીકે પીટીશનમાં દર્શાવવામાં આવેલ છે.

હમોને **'હીરો'** બનવાની કોઈ ખેવના નથી પણ હમોએ તથા હમારા પિતાશ્રી સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદારએ ગામ લોકોના હિતમાં સેવાના કાર્યો કર્યા છે. હમોને કોઈની પાસે એનુ પ્રમાણપત્ર લેવાની કોઈ જરૂરત નથી.

ગામ લોકોના અને સભાસદોના હિત વિરૂધ્ધ જો કોઈ કામ થતાં હશે તો તે તમામ કરતૂતોની જાણ ગામ લોકોને અને સભાસદોને કરવા માટે હમો **"દિપક" બની અંધારામાં રોશની પુરી પાડીશું.** **"પાર્થ હવે ઉઠાવો બાણ, હવે તો 'યુધ્ધ' એ જ કલ્યાણ"**

હમોએ પ્રસિધ્ધ કરેલ જાહેર ચેતવણીથી લાગતા વળગતાઓના 'Under table' (ટેબલ નીચેના)વહેવારો ઉપર મોટી brake (બ્રેક) લાગી હોય, ડૂબતો માણસ તણખલું શોધે તેવો ઘાટ થયો છે અને તેથી જ શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. પ્રમુખશ્રી મહેશભાઈ છોટુભાઈ પીઠાવાળા અને મંત્રીશ્રી નરેન ઉર્ફે નરેન્દ્રભાઈ પટેલ તેમજ શ્રી ચંદ્રવદન છોટુભાઈ પીઠાવાળા તેમના જવાબમાં ખોટી માહિતીઓ દર્શાવી રઘવાયા થઈ જાહેર ખુલાસા કર્યા છે. શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. ની ૮૭૫ એકરની જમીનમાંથી ઘણી જમીન એરપોર્ટના સંપાદનમાં લેવા માટે સરકારશ્રી દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી ત્યારે પ્રમુખશ્રી અને મંત્રીશ્રી અને હોદ્દેદારોએ તદ્દન નિષ્ક્રીયતા દાખવી અને કોઈ કાર્યવાહી આજદિન સુધી કરી નથી. હમારા પિતાશ્રી સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર અને હમો દિપકભાઈ ધીરૂભાઈ ઈજારદાર ગામ સભાઓ કરી ગામ લોકોને જાગૃત કરી રેલીઓ કાઢી સુરતના એરપોર્ટ ડીરેકટર તેમજ કલેકટરશ્રી સુરતને આવેદન પત્ર આપી વાંધાઓ રજુ કરી રૂબરૂમાં રીઝર્વેશનનો વિરોધ કરેલો. તદ્દઉપરાંત મારા પિતાશ્રી સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર અને હમો દિપકભાઈ ઈજારદારએ તત્કાલિન સાંસદ શ્રી સી.આર. પાટીલને પણ રીઝર્વેશન હટાવી લેવા રજુઆત કરેલી તે જ રીતે કોંગ્રેસના રાજમાં તત્કાલિન આદિજાતિ મંત્રીશ્રી તુષાર ચૌધરીને દિલ્હીમાં રૂબરૂ તેમની ઓફિસમાં મળી રીઝર્વેશન હટાવવા અરજી કરેલી અને સખત રજુઆત કરેલી. હમોએ તત્કાલિન કેન્દ્રના એવીએશન મિનીસ્ટર પ્રફુલભાઈ પટેલ, તત્કાલિન કેન્દ્રના એવીએશન મિનીસ્ટર શ્રી વાયાલર રવિ તેમજ તત્કાલિન કેન્દ્રના એવીએશન મિનીસ્ટર શ્રી અજીતસિંહ ચૌધરી તથા તેમના પુત્ર શ્રી જયંત ચૌધરીને નવી દિલ્હીમાં રૂબરૂ મળી વાંધા અરજીઓ આપી રીઝર્વેશન હટાવવા પ્રયત્ન કરેલા તે સિવાય હમોએ તથા અમારા સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદારએ એરપોર્ટ ઓથોરીટીના ચેરમેન, મેનેજરશ્રી એરપોર્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ (લેન્ડ), ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબને તેમજ નામદાર ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી સૌરભભાઈ પટેલને ગામની મહિલાઓ સાથે ગાંધીનગર ખાતે રૂબરૂ મળી વાંધાઓ આપી મંડળીની જમીન તેમજ ગામ લોકોના મકાન બચાવવા કોઈપણ જાતના સ્વાર્થ વગર ગામ લોકો વતી વખતો વખત વાંધા અરજી આપી રીઝર્વેશન હટાવવા અથાગ પ્રયત્નો કરેલા અને તે અર્થે હમો દિપકભાઈ ઈજારદાર નવી દિલ્હી ૧૭ વખત જઈ આવેલા. મજકુર બાબતના તમામ દસ્તાવેજીપુરાવાઓ મારી પાસે છે.

કલેકટરશ્રી સુરતનાએ શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી.ની જમીનમાંથી ૫૦ એકર જમીન ભીમપોર ગામના ઘરવિહોણા લોકોને ઘર બાંધવા માટે દરેકને ૨૦૦ વાર જમીન મળે તે હેતુથી સને-૧૯૭૯ માં હુકમ કરી જમીન ફાળવવામાં આપેલી. મજકુર બાબતનો કલેકટરશ્રીનો હુકમ તેમજ ભીમપોર ગામના તલાટી કમ મંત્રીશ્રીનો દાખલો પણ મારી પાસે છે. મજકુર હુકમની નોંધ ગામ નમુના નં-૬માં ભીમપોર ગામના રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલી છે. મજકુર ભીમપોર ગામ લોકોને ઘર બનાવવા માટે કલેકટરશ્રી સુરત દ્વારા ફાળવવામાં આવેલી ૫૦ એકર જમીનમાંથી ૧૨ એકર જમીન શ્રી મહેશભાઈ છોટુભાઈ પીઠાવાળાએ અને તેમના પરિવારે અનધિકૃત કબજો કરી પીઠાવાળા સ્પોટર્સ કલબના ઓઠા હેઠળ ગેરકાયદેસર રીતે પીઠાવાળા સ્ટેડીયમ તાણી બાંધેલુ અને તેની આજુબાજુની ઘણી મોટી જમીનો તે લોકોએ કમ્પાઉન્ડ કરી ગેરકાયદેસર રીતે કબજો કરી લીધેલ છે તે સંજોગોમાં તે લોકોએ ગામ લોકો સાથે છેતરપીંડી કરેલ છે. મારી માહિતી મુજબ મારા પિતાશ્રી સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદારએ મજકુર અનધિકૃત કૃત્યો વિરૂધ્ધ અરજી કરેલ અને તેના અનુસંધાને મજકુર પીઠાવાળા સ્ટેડીયમની જમીન કલેકટરશ્રીએ ખાલસા યાને કે સરકાર હસ્તક કરતો હુકમ તા.૦૭/૦૮/૨૦૦૫ ના રોજ કરી પીઠાવાળા સ્ટેડિયમ સરકાર હસ્તક કરી દીધેલ છે અને તેના વહીવટદાર તરીકે કલેકટરશ્રી સુરતના છે. તદ્દઉપરાંત પીઠાવાળા પરિવારએ ગેરકાયદેસર રીતે મજકુર ભીમપોર ગામના લોકોને ઘર બનાવવા ફાળવવામાં આવેલી જમીનમાં ગેરકાયદેસર રીતે જાગૃતિ કન્યા વિદ્યાલય બનાવી વધુ ૭ એકર જમીન પચાવી પાડેલ છે.

આમ ઉપરના પેરામાં જણાવ્યા મુજબ આ જમીન ઘરવિહોણા લોકોને દરેકને ૨૦૦ વાર આપવા માટે હુકમ થયેલો તેની શરતોનો છડેચોક ભંગ થયેલ છે. આ ગામ લોકો સાથે છેતરપીંડી સિવાય બીજું શું છે ? આ કૃત્ય "લેન્ડ ગ્રેબીંગ" ની વ્યાખ્યામાં આવે છે. દિપક ઈજારદાર છેલ્લા ૩૫ વર્ષથી જમીનનો લે-વેચનો ધંધો કરે છે અને નામાંકિત રીયલ એસ્ટેટ ડેવલપર અને બિલ્ડર છે. આજ દિન સુધી દિપક ઈજારદારએ ૫૭૭ પ્રોજેકટો કરેલા છે અને ૫૨૪૦ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરેલા છે અને ચોખ્ખો અને કલીયર ધંધો કરતા આવેલા છે.

હમોએ સત્ય હકીકતો જાહેર કરી છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ સત્ય હકીકત જાહેર કરવી તે 'બદનામી" ની વ્યાખ્યામાં આવતું નથી. આથી અમો વિરૂધ્ધ ફોજદારી કરવાની પોકળ ધમકીથી હમો ડરી જવાના નથી અને જે કામ હાથમાં લીધું છે તે અંતિમ તબકકા સુધી લડવાની તૈયારી સાથે લીધું છે. હમો દિપકભાઈ ધીરૂભાઈ ઈજારદારએ સ્મશાન ભૂમિની ફરતે આર.સી.સી. ની દિવાલ સને ૨૦૦૨માં એકલેહાથે બનાવી વિરોધીઓ સાથે બાથ ભીડી લાખો રૂપિયા ખર્ચી લોક હિતનું કાર્ય કરેલ છે તે ગામ લોકો જાણે છે. હું જે કામ હાથ પર લઉં છું તે પુરું કરીને જ રહું છું. મૃત્યુની મને પરવાહ નથી એ તો એક દિવસ આવવાનું જ છે.

ગામ લોકો અને સભાસદોના હિતમાં હમો દિપક ધીરૂભાઈ ઈજારદારએ જેલમાં પણ જવું પડે તો તે પણ મને મંજુર છે. મારા સ્વ. પિતાશ્રીએ પણ સચીનના નવાબ વિરૂધ્ધ આંદોલન કર્યુ ત્યારે તેમને પણ સચીનની જેલમાં પુરી દેવામાં આવેલા અને આજ ગામલોકોએ રેલી કાઢી તેમને રાતોરાત જેલમાંથી છોડાવી લાવેલા તે સંજોગોમાં મને જેલની બીક બતાવવી નહીં. શ્રી ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. ના સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર કાયદેસરના સભાસદ હતાં અને હમો સ્વ. પરભુભાઈ ઈજારદારના પુત્ર વારસ હોવાથી મંડળીના બંધારણની જોગવાઈ મુજબ સભાસદ થવા હક્કદાર છીએ. હમોએ સભાસદ તરીકે દાખલ થવા નિતિનિયમ મુજબ અરજી આપી છે. પ્રમુખશ્રી અને મંત્રીશ્રીએ તા.૨૭/૦૪/૨૦૨૫ ના રોજ રવિવારે ૧૧:૦૦ કલાકે ગાંધીઘર, ભીમપોર સુરત મુકામે ખાસ સાધારણ સભાની નોટીસ પ્રસિધ્ધ કરેલ છે. હમો સભાસદ તરીકે સદર મીટીંગમાં હાજર રહી તમામ સભાસદોના હિતમાં સત્ય હકીકતોની રજુઆત કરનાર છીએ.

સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદારનાઓએ કોઈપણ વ્યકિતગત સ્વાર્થ વગર ગામ લોકોના હિતમાં અનેક સેવાના કામો કર્યા છે અને તન, મન અને ધનથી ગામના લોકોની સેવા કરી છે. સ્વ.ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર સ્વાતંત્ર સેનાની હતાં અને હમો પણ અમારા સ્વ. પિતાશ્રીની પ્રેરણાથી ગામ લોકો માટે અનેક સેવા